
# સમાધી પુસ્તિકા



દેશળપીર સુણતાં માનવી,
જયાં જોયા તો જગન્નાથ.
વૈકુંઠમાં પહોચાડીયા,
શિર પર મૂકી હાથ.

## સમાધી સંસ્કાર વીધી

ઓહમ ગુરૂજી અખેનામ પુરૂષ રખવાલા
જેહિ નામ સે નાસહિં કાલા
ઘટ છૂટે ઓર જીવ સુખ પાવે
અક્ષય નામ સે પાર લગાવે
હંસા ભવસાગર જબ... ત્યાગા
અમર લોક મેં જાને.. લાગા
પટા પરવાના સંપૂર્ણ કિના
અલખ ઘણી કા દર્શન લિના
મોર જાપ સંપૂર્ણ... ભયા
ગાદીએ બેઠકે ગુરૂ રામાનંદ કહા.
દેજયો પ્રમાણ...
બોલો સંતો સત નિરવાણ
હરિગુરૂ સંતકુ પ્રણામ નિરવાણ
કાપડી કું જીનામ પ્રણામ નિરવાણ
નાથજી કું આદેશ પ્રણામ નિરવાણ
અતિતિ કુ નમો નારાયણ નિરવાણ
અબ સંતન કું જય... જય... સીતારામ
*(દરેક મંત્ર પુર્ણ થયે ઉપર મુજબ બોલવું)*

## ચોકા મંત્ર

ઓહમ ગુરૂજી અરબત નબરત ઘંઘુકારા
નહિંથા આસમાન નહિંથા તારા ;



નહિંથા જગત નહિં સંસારા
નહિં શબદ ત્યાં હુવા ઓમકારા,
શૂન્ય, શૂન્ય મહા શૂન્ય, શૂન્ય પર જલ
જલપર સ્થલ; સ્થલ પર કમલ; કમલ પર કૌસ્તુભ
કૌસ્તુભ પર દીગપાલ; દીગપાલ પર વાસંગી,
વાસંગી પર ઘ્રોળ; ઘ્રોળ પર ઘમળ;
ઘમળ પર શીંગ, શીંગ પર રાઈ
રાઈ પર બાવે જમીન ઠેરાઈ;
આધનાથ શંભુજતિ; સાથે ગોરાં પારવતી
પારવતીને ચોકા દીયાં; પૃથ્વીને પવિત્ર ક્રિયા
ગાય કા ગોબર; ગંગા કા નીર
સીતાયે ચોકો પુરીયો
ચોકી હનુમાન વીર
રાણી રત્ના વળી એ પહેલા જુગમાં ચોકા દીયા
રાજા પ્રહલાદ સાથ પાંચ કરોડકી સાખ લીયા
રાણી તારામતિએ બીજા જુગમાં ચોકા દીયા
રાજા હરિશ્ચંદ્ર સાથે સાત કરોડ કી સાખ લીયા
રાણી દ્રૌપદીએ ત્રીજા જુગમાં ચોકા દીયા
રાજા યુધિષ્ઠર સાથ નવ કરોડકી સાખ લીયા
રાણી વિંદયા વળીએ ચોથા જુગમાં ચોકા દીયા
રાજા બળીરાય સાથ બાર કરોડકી સાખ લીયા
ચોકા જાપ સંપૂર્ણ ભયા.



ગાદીએ બેઠ કે ગુરૂ રામાનંદે કહા.
દેજયો પ્રમાણ....
બોલો સંતો સત નિરવાણ.

## સમાધી માત્રા

ઓહમ ગુરૂજી સોઈ જોગી કું કયા-કયા સોહિયે
જો સોહિયે વો વાકું દઈએઃ
બાના જિસકા જે પરમાણ
સોઈ આપી કરો નિરવાણઃ
ગોકા, ઘૃતકા, દીપક કીજે,
ચોકો દરેક આસન દીજે.
ગંગા જલસે સ્નાન કરાચે,
લાલ કોપીન સફે વસ્ત્ર ધરાએ.
ખલકાં ટોપી ભગવા અંચળા જોઈએ,
ઝંડા-ઝોળી આડબંધ લંગોટ સોહિએ,
ગોપીચંદન કંકુ, કેસરકા સ્વરૂપ બનાવે.
શુદધ હુઈ ભસ્મકા ચોલા ચડાવે,
દંડ કમંડલ ખપર પાવડી જોઈએ.
શેલી શીંગી મુદ્રા સોહીએ
માળા કંઠી જનોઈ બીરાજે
શ્રીફળ; અબીલ; ગુલાલ સબ છાજે,
ફળ ફૂલસે સેવા કીજે.
ગુગળ અગર કા ઘૂપ જ દીજે,

કંચન થાળમે બતી લીજે
નર-નારી મળી આરતી કીજે,
શંખ ઝાલર, મે મૃદંગ બાજે,
જમ કિંકર તો દુરજ ભાજે,
ઈતિ સમાધી માત્રા સંપૂર્ણ ભયા,
ગાદીએ બૈઠકે ગુરૂ રામાનંદે કહા.
દેજયો પ્રણામ....

## સમાધી ગાળવા નો મંત્ર

ઓહમ ગુરૂજી ધન્ય ધરતી આરાધું તમે,
ઉઠા હાથ અવની મા અમે;
ઉઠા હાથ પર આસન ધરૂં,
પહેલા પ્રણામ ધરતીને કરું,
સાડા તીન હાથ જગ્યા હોય ઉંડી,
સાડા તીન હાથ લાંબી-પહોળી રૂડી,
અજર આસન અમર કાય.
સ્થાન દિજીએ, ધરતિ માય,
પીંડ પુરૂષ પધરાવનું માંહિ.
જનમ મરણ કા ફેરા નહિ,
વિષ્ણું પાવડી, બ્રહ્માં કોદાળી,
ઈશ્વર ગોરાંયે માટી સારી.
સબ સંત મીલ કે સમાધી કરી,
સૂરજ-ચંદ્રકી સાખ ભરી.



ઉમા મહેશ્વરકા સમ્મરણ સાર,
પ્રાણી પાવે મોક્ષ દ્વાર,
ઈતિ સમાધી ગાયત્રી સંપૂર્ણ ભયા,
ગાદીએ બૈઠકે ગુરૂ રામાનંદે કહા.
દેજયો પ્રણામ...
બોલો સંતો સત નિરવાણ
હરિ ગુરૂ સંત કું પ્રણામ....??
*(જળ-નીચે અથવા સમાધીમાં મુકવું)*

## ભૂમિદાન મંત્ર

ઓહમ ગુરૂજી ધરતી માતા કે પેટ
પીંડ બંનકર; સંતો; કરતા ભેટ
શિવશક્તિ બોલ્યા... વાણી
ચાર જુગ... ચાર ખાણી;
જુગતેંથી તમે રક્ષો કાય
કીટ કીડા ન આવે જાય,
બેઠા પ્રાણી ધ્યાન કરે
પૈસો; સોપારી ભેટ ધરે
આપ સમજી લેજો સાર
પ્રાણી પાવે મોક્ષ દ્વારા
ભૂમિદાન જાય સંપૂર્ણ ભયા
ગાદીએ બૈઠકે ગુરૂ રામાનંદે કહા.
દેજયો પ્રણામ...



## સમાધીમાં બેસાડવાનો મંત્ર

ઓહમ ગુરૂજી...
ખેચરી-ભૂચરી-ચાચરી-અઘોચરી-ઉનીમુની;
કોન કર ધરી કોદાળી કોનકર મારી - ડારી;
બ્રહ્મા વિષ્ણુએ કરધરી
કોદાળી; ઈશ્વર; ગોરાએ મારી ડારી,
ઈશ્વર ગૌરાં કા ધર્યા ધ્યાન,
સત સમાધી ઉપજયાં જ્ઞાન,
જ્ઞાન લઈ જોગી નિર્ભય થયા,
દંડ કમંડલ ખપ્પર લીયા,
કોનકા ધોતી, કોન જનોઈ ધાગા,
અલિલ કી ધોતિ પવન કા જનોઈ ધાગા,
કોનકા શિષ્ય કોન કા નાતિ
સત કા શિષ્ય શબદ કા નાતિ
ગુરૂ ગોવિંદ ધેનું અગમ અપાર;
સદગુરૂ દેવ સે કીયા એકરાર.
મધ્યાન વરણી શ્વેત વરણી
હંસ વરણી રકત વરણી,
દૂર્વાસા (ઋષિ) શ્રાપ ટાંરંતિ;
રાજા ઈંદ્રકા કલંક ઉતારતી,
દેખ દેખ માતા સમાત ગાયત્રી.



હં... ઠં... હં... ઠં.... સ્વાહા ॥
અરૂણ વસ્ત્રી........ સ્વાહા ॥
સંસાર વિમોચની.... સ્વાહા ॥
વૈકુંઠ ગમની......... સ્વાહા ॥
હંસ... વરણી....... સ્વાહા ॥
પ્રમોદ દેહિની ....... સ્વાહા ॥
સમાધી ગાયત્રી દેવ્ય નમઃ ... સ્વાહા ॥
દેખો સંતો કરો વિચાર,
સમાધી ગાયત્રી કા જાપ અપાર,
ગાયત્રી પઢકર સમાધી પાવે
સોઈ જોગી અમરાપુર જાવે,
બીના મંત્ર સમાધી પાવે
સોઈ પંડય પડે ચોર્યાશી મે જાવે
સમાધી જાપ સંપૂર્ણ ભયા
ગાદીએ બૈઠકે ગુરૂ રામાનંદે કહા
દેજયો પ્રણામ....

## આસન મંત્ર

ઓહમ ગુરૂજી...
આસન ઈશ્વર આસન ઈન્દ્ર
આસન સૂર્ય આસન ચંદ્ર
આસન બેઠા સંત સુજાણ
આસન બેઠા પીંડ પ્રાણ

પીંડકો આસન દેકર બૈઠાયા
સબ દેવન સે રક્ષા પાયા
ઓહંગ સોહંગ દરવાજા વાટ
અજર આસન વજર કપાટ
જો કોઈ કરે અજર પર ઘાવ
તો ઉલટ વીર ઉનકો ખાવ
બેઠા સંત હોઈ કર જોડ
રક્ષા કરે સૂર તેત્રીશ કોડ
આસન રક્ષે લક્ષ્મણ કટે વિપતિ
રાત્રે રક્ષે ચંદ્રમાં વિસે રક્ષે સૂર્ય
ધરતિ માતા સદ રક્ષે રાખે કાલકટક દૂર,
ઈતિ આસન જાપ સંપૂર્ણ ભયા
ગાદીએં બૈઠકે ગુરૂ રામાનંદિ કહા
દેજયો પ્રણામ...
બોલો સંતો સત નિરવાણ
હરિ ગુરૂ સંત કું પ્રણામ...??

## દીપક જ્યોત મંત્ર

અહોમ ગુરૂજી અનંત વિહાર
પ્રાણી પાવે ભવજળ પાર,
કોટી સૂરજ ઘટ ભીતર પાવે
અખંડ મંડળમેં જ્યોતિ દર્શાવે



નાસિકા નેત્ર ત્રિકુટી સ્થાન
જલકત જયોતિ ધરતે ધ્યાન
અખંડ જયોતિકા હુવા પ્રકાશ
પ્રાણી પાવે વૈકુંઠ વાસ,
આદિ નિરંજન ઓહમ કારા.
ગરજત નાદ સોહમ કારા.
તત્વ નિરંજન આતમ રામ
ગંગા તુલસી શાલિગ્રામ,
શ્રી હરિ ગુરૂકો કરોં જુહાર.
પૂન્ય લેકર ઉતરહુ પાર,
જન્મ કરણ કા ધૂટે ત્રાસ
સંતોકા અમરાપુર વાસ
જયોતિ જાપ સંપૂર્ણ ભયા
ગાદીએ બૈઠકે ગુરૂ રામાનંદિ કહા
દેજયો પ્રણામ....

## કમંડળ મંત્ર

ઓહમ ગુરૂજી આધ વૈરાગ, સનાતન ધર્મ
પાત્ર કમંડલ, સંત કા કર્મ
હરિહર ચરણ, સદા લૌ લાઈ
પરમ તત્વ મેં સત રહા સમાઈ
ગગન મંડળમેં જયોત પ્રકાશા
અલખ પુરૂષ જહાં કરત નિવાસા,



સંચરીક ધૂન નૈપુર બાજે
ત્રિકુટી નાદ અનાહત ગાજે
સુક્ષ્મણા સદાય જય જય કરે
પાત્ર કમંડલ જાગૃતિ સે ધરે
પવન પુરૂષકા ધરતેં ધ્યાન
ભ્રકૂટિ મધ્યે લાવેં પ્રાન,
કોટિ દીપ ઘટ ભીતર જરે
અંતઃકાલ ભય દુરહિ ફિરે
પાત્ર રહે પીંડ પામે સુખ
પાસ ન આવે યમદૂત દૂખ
પાત્ર કમંડલ પાસ ધરે
સ્હેજે પ્રાણી ભવસાગર તરે
તુંબી પાત્ર સંપૂર્ણ ભયા
ગાદીએ બૈઠકે ગુરૂ રામાનંદિ કહા
દેજયો પ્રણામ....

## પ્રસાદ મંત્ર

ઓહમ ગુરૂજી અમર આતમ અચ્યુત કાયા
સતનામ અખંડ છાયા,
પ્રાણ પુરૂષ આવે ને જાય,
ઘટે ન પીંડ, થકે ન કાય,
પુરણ સતગુરૂ પ્રતાપ



જ્ઞાન ખજાના ભરીયા આય
પુરણ પુરૂષ ત્રિકુટી સ્થાન
જહાં વસે નિરંજન રામ,
ઓહમ સોહમ સુણી સંશય ટળે
પ્રાણી લક્ષ યોનિમાં નવ ભળે,
જ્ઞાન પ્રસાદ ગુરૂ મેં પાયા
જનમ મરણકા ફેરા મીટાયા
પ્રસાદ જાપ સંપૂર્ણ ભયા
ગાદીએ બૈઠકે ગુરૂ રામનંદિ કહા
દેજયો પ્રણામ....

## સમાધીની અમર ગાયત્રી

ઓહમ ગુરૂજી નર નારાયણે કરી જાણ
ખોટી સમાધિ થઈ દેવને જાણ
સંત સાધુ સાથે મળી
સમર ગાયત્રી પ્રગટ કરી
તેથી જીવની મુક્તિ હોય
પંડય પડતાં આવરણ ન હોય
કરે સમરણ ચિત ધાર
તો નાસે પાપ પામે મોક્ષ દ્વાર
ત્રણ દેવની ફરી દુહાઈ
જીવને વૈકુંઠ લઈ જાય
પંડય પડતાં સૂણે ગાયત્રી સાર

તો સંત જીવ ઉતરે ભવપાર
ઈતી ગાયત્રી જાપ સંપૂર્ણ ભયા
ગાદીએ બેઠકે ગુરૂ રામાનંદિ કહ્યા
દેજયો પ્રણામ....

## અંગ રક્ષામંત્ર

ઓહમ ગુરૂજી જીવકી રક્ષા શિવ કરે,
રોમકી રક્ષા રામ કરે.
ચામકી રક્ષા ચત્રભુજ કરે,
પૈરકી રક્ષા પરમેશ્વર કરે,
ગુંઠણ રક્ષા ગોવિંદ કરે,
જાંઘ રક્ષા જદુનાથ કરે.
કમર રક્ષા કેશવ કરે,
પેટ રક્ષા પદમનાથ કરે,
હૃદય રક્ષા હૃષિકેશ કરે,
ભૂજ રક્ષા બલભદ્ર કરે.
કંઠ રક્ષા કૃષ્ણચંદ્ર કરે.
નાસિકા રક્ષા નારાયણ કરે.
હોઠ રક્ષા હનુમાન કરે,
જીભ રક્ષા જગજીવન કરે.
નૈત્ર રક્ષા સૂર્યનારાયણ કરે,
શિર રક્ષા શેષ કરે.
નાડી રક્ષા નરસિંહ કરે,



પીઠ રક્ષા પુરૂષોતમ કરે.
આકાશે રક્ષા દેવ કરે,
પાતાલે રક્ષા વામન કરે.
દસે દિશા રક્ષા તેત્રીસ કોટિ દેવ કરે,
કેશવજી કરૂણા કરે.
નાદ બજે ભરપુર
કાળ કટક સહુ દુર
દશમેં દ્વાર લગાયા તાલા
રક્ષે દેવ પૂથ્વી આકાશ પાતાલા.
પંચ તત્વ પાંચે મંહ ભળીયા
જન્મ મરણકાં ફેરા ટળીયા.
અલખ નિરંજ આપો આપે
કાલ કંટક પીડા ન વ્યાપે.
ફાટયા કટાય નહિં,
વાઢયા વઢાવ નહિં,
જલાયા જલે નહિં,
સુકાવ્યા સુકાય નહિં.
અજર અમર હંસા દરશાય,
સિધ્ધોકા મારગ સંતોને પાયા
હંસ ગળે તો નિરંજન લાજે,
હડ્ડી ગળે તો ગોરખ લાજે
પીંડ ગળે તો ધરતિ લાજે,



પ્રલયમાં જાય તો સદગુરૂ લાજે
કાયા કો સમાતમે બેઠાઈ,
ધરતિ માતા પ્રસન્ન થાય
રક્ષા જાપ સંપૂર્ણ ભયા,
ગાદીએ બેઠકે ગુરૂ રામાનંદે કહા
દેજયો પ્રણામ...
બોલો સંત સત નિરવાણ
હરિ ગુરૂ સંત કું પ્રણામ...???

## અઘોર ગાયત્રી

ૐ ગુરૂજી પ્રથમ ૐ ૐ મેં અમી અમી મેં કમળ
કમળ મેં ઓહમકાર ઓહંમકાર મેં નિરાકાર
નિરાકાર મેં નિરજન નિરંજન મે જયોત
જયોત મેં પ્રેમ જયોત પ્રેમ જયોતથી ઉપજી માતા
અઘોર ગાયત્રી ઘોર ઘોર મહાઘોર
ઘોર ઘોર અમરઘોર ઘોર ઘોર તારાઘોર
ઘોર ઘોર તત્વઘોર તત્ય ઘોરમે હંસ નિરંજન
માતા અઘોર ગાયત્રી અચરા ચરંતિ
અજરા જરંતિ, અભે મંડળ ભેજંતિ
મડાં મસાણે હરંતિ - આવંતિ જાવંતિ
દુર્વાસા શાપ ટારંતિ - ધર્મ કારણ નરોહરિ
સપ્તમેં સપ્ત સાગર - ઈન્દ્ર કા કલંક ઉતારતિ



તાર તાર માતા અઘોર ગાયત્રી
ખેચરી - ભુચરી - ચાચરી - ઉનમુખી - અઘોચરી
પાંચ મુદ્દા થાપંતિ - બહ્મહત્યા - સ્ત્રી હત્યા
બાલ હત્યા - ગૌ હત્યા - ગોત્ર હત્યા એટલા કલંક ટારંતિ
બ્રહ્મા, વિષ્ણુ, મહેશની સાખ
પ્રાણી પાવે વૈકુંઠવાસ અઘોર ગાયત્રી જાપ
સંપૂર્ણ ભયા અનંત કોટિ સિધ્ધોમેં.
ગાદીએ બેઠકે ગુરૂ ગોરખનાથ કહા
દેજયો પ્રણામ...

## સમાધી - ગાયત્રી (૧)

ઓહમ ગુરૂજી, અલખકા નૂર આતમ પાયા
સોઈ આતમ પીંડમે સમાયા, સદગુરૂએ સબ ભેદ બતાયા
જહાં દેખુ તહાં જુઠી માયા, પંચ તત્વ સબ માહિં સમાયા
અણુ અણું મે નિજ સ્વરૂપ પાયા, કાષ્ટકી પાવડી કુંડા મૃતિકા કા
પાત્ર તુંબી દિપક ગૌઘૃતકા ધરતી માતા કો કિયા પ્રણામ
પીંડ પધરાયા આતમ અભિરામ,
વિષ્ણુ પાવડી બ્રહ્મા કોદાળી
ઈશ્વર ગરાયે માટી ડારી
પઢી સુણે ગાયત્રી સાર
પ્રાણી પાવે મોક્ષ દ્વાર
સમાધી જાપ સંપૂર્ણ ભયા

ગાદીએ બેઠકે ગુરૂ રામાનંદે કહા
દેજયો પ્રણામ...
બોલો સંત સત નિરવાણ
હરિ ગુરૂ સંત કું પ્રણામ...??

## સમાધી - ગાયત્રી (૨)

ઓહમ ગુરૂજી પહેલી ગાયત્રી ધરતી જાણ
અદોરવાની ચારે ખાણ
કેતા આવે કેતા જાવે ધરતિમાં સમાવે
અંતરીક્ષના સાત ધામ, જીવ જાય શિવને ધામ
સમાત ગાયત્રી સંપુર્ણ ભયા. અનંત કોટિ
સિધ્ધોમેં.
ગાદીએ બેઠકે ગુરૂ ગુરૂદત્તને કહા
દેજયો પ્રણામ...
બોલો સંતો સત નિરવાણ
હરિ ગુરૂ સંત કું પ્રણામ... ??

## સમાધી - ગાયત્રી (૩)

ઓહમ ગુરૂજી જાગ જાગ ધરતિ માતા,
તુ મેરી માય, મેં તેરા પુત્ર કહાતા.
શ્વાસકા જીવ, વજરકી કાયા.
હું. જપું ધરતિ તું રક્ષ મૈયા



આ ધરતિ ધીમી મહા ધરતિ ધીમી
ધરતિને સાચ બતાયા, બ્રહ્મા પાવડી
વિષ્ણુ કોદાળી - ઈશ્વર ગોરાંએ માટી ડારી
સમાત ગાયત્રી જાપ સંપૂર્ણ ભયા
અંત કોટિ સિધ્ધોમેં
બેઠકે ગુરૂદતને કહા
દેજયો પ્રણામ...

## સમાધી - ગાયત્રી (૪)

ઓહમ ગુરૂજી ધરતિ માતા,
મત તપો મત થાય ઉદાસ
આ પંચ તત્વને રાખો પાસ
તેત્રીસ ક્રોડ દેવને દિયો વધાય,
જીવને મોકલો અમરાપુર માંય
ઓહંકારી ધનુષધારી, કૃષ્ણ કોદાળી
ઈશ્વર ગોરાંએ માટી ડારી
માટી ભેળી માટી થઈ
જયોત જયોત મેંસમાઈ ગઈ
દંડા-દંડ ખપર પાવડી, કમંડલ લઈ
મવન પુરૂષ ગયા ઉડી, પંચ તત્વકું પધરાયા
શુધ્ધ ધરતિ અશુધ્ધ કાયા
જાગો ધરતિ મૈયા, દેહ પીંડ આયા
સમાત ગાયત્રી જાપ, સંપૂર્ણ ભયા



અનંત કોટિ સિધ્ધોમેં
ગાદીએ બેઠકે ગુરૂ ગુરૂદતને કહા
દેજયો પ્રણામ...

## સમાધી - ગાયત્રી (૫)

ઓહમ ગુરૂજી, માટી કાયા માટી માયા
તિનગુન પાયા, પંચ ભૂતકા દેહ બનાયા
નખશિખ દોનુભાઈ રક્ષા કરો ધરતિ માઈ
પવન પુરૂષ ઉડી ગયા
દહે પીંડ પડી રહ્યા
અસ્થી - માંસ - મેસ - ત્વચા - નાડી રોમકું પધરાયા,
શુધ્ધ ધરતિ મૈયા - દહે પીંડ આયા
સમાત ગાયત્રી જાપ સંપૂર્ણ ભયા
અનંત કોટિ સિધ્ધોમેં, ગાંદીએ બેઠકે ગુરૂ ગુરૂદતને કહા
દેજયો પ્રણામ...
બોલો સંતો સત નિરવાણ, હરિ ગુરૂ સંત કું પ્રણામ

## સમાધી - ગાયત્રી (૬)

ઓહમ ગુરૂજી નમો આદેશ
કોન બ્રહ્મા, કોહ જનોઈ, કોન દેશ
મન બ્રહ્મા, પવન જનોઈ નિરંજન દેશ
જલ શોધ્યું થલ શોધ્યું શોધ્યું અનહદ કાયા



અનાહત શબ્દે ધરતિ શોધ્યુ જયું અલીલકી માયા
મૈં પુછું રાજા જોગી બેદ શાસ્ત્ર કહાંસે લાયા
તુરત સુરત સહારા લેકર, બ્રહ્મેં સમાયા
પ્રથમ સમરૂં મતા ધરથરી, ક્રિતીએ સમરૂં અધિશુન્ય શબદ
તૃતિએ શબદ હુવા પ્રકાશા, ચોથે ચત્રભુજ દેવ પ્રગટ
પાંચમેં ધર્યુ એક ધ્યાન, છઠે સમાધી જ્ઞાન
સાતમેં કૈવલ્ય માયા, ઘટમેં જયોતિ દરશાયા
સાધ્ય બીન સાધક નહિં, નહિં વૃક્ષ બીન છાંય
પુછું મે રાજા જોગી, અનહદ નાદ કહાસે લાય
તુરત સુરત સે લાયા બ્રહ્મ સમાયા
અનહદ નાદ, વહાંસે લાયા
સાડાતીન હાથકી ગુફા ખોદાઈ, ઈશ્વર ગોરાંએ માટી ડારી
ધરતિ માતા દીજે ઠોર, રક્ષા કીજે ચહું ઓર
તેરે ખાસ તેરે પાસ, તેરે ઉદરમેં લીયા વાસ
તમેશ્વરકા પીંડ બસાયા, જીવ જયોતિ પાર કહાયા
ૐ સમાત ગાયત્રી વિદમહે
માતા સમાત ગાયત્રી ધિમહે
તન્નો સમાત ગાયત્રી પ્રચોદયાત
સમાત ગાયત્રી જાપ સંપૂર્ણ ભયા
ગીરી ત્રંબક ગોદાવરી ક્ષેત્રે અનુપમ શીલાપર
બેઠકે જતિ ગોરખનાથને કહા
દેજયો પ્રણામ...

## સમાધી – ગાયત્રી (૭)

ઓહમ ગુરૂજી ધરતિ જગતકી માતા
આકાશ પિતા, ઔર તિન ગુણ કહાતા
પંચ તત્વકી દેહ બનાઈ પણ ભોમ આત્માઆઈ
ધરતીમાતા હુયે પ્રસન્ને જાગૃત કર જીવ કરે શયન
શ્વેત કી હાડકી મઢી બનાઈ જબ જવ રહે મુરઝાઈ
આવો જલંધર ઉતરો પાર, મૃત્યુ લોકકી રાહ સુધાર
જિવ કા શિવ શિવ કો ધાયે, કૈલાસ પુરી મૈં વાસ પાયેં
જાકી મોક્ષ શંભુ ગૌરાં કરહિં ધરતિ મંત્ર પૂરા ધરહિં
સમાત ગાયત્રી જપ સંપૂર્ણ ભયા
સિધ્ધોમેં બૈઠકે જતિ ગોરખને કહા
દેજયો પ્રણામ...

## સમાધી – ગાયત્રી (૮)

ઓહમ ગુરૂજી, આધશકિત પ્રકાશે ગોંસાઈ
ઓહમ સોહમ અનાહત ત્રણે ગુરૂ ભાઈ
મળી જોગેશ્વર સ્થાપી સ્થાપના
સ્થાપના ઉપર સ્થૂળ    સ્થૂળ ઉપર જલ
જલ ઉપર કમળ    કમળ ઉપર કુરૂમ
કુરૂમ ઉપર દિલપાલ    દિગપાલ ઉપર વાસંગી
વાસંગી પર ધોળ    ધોળ ઉપર ધમળ
ધમળ ઉપર શીંગ    શીંગ ઉપર રાય



રાય ઉપર બાવે    જમીન ઠેરાય
તાપર આદિ નિરંજન કા વાસા બોલીયે
બ્રહ્મા પાવડી, વિષ્ણુ કોદાળી
ઈશ્વર ગોરાંચે, માટી ડારી
ઈશ્વર ગોરાં પુછું તોય
ધરતિ માતા ઠોર દિયો મોય
સમાત ગાયત્રી જાપ સંપુર્ણ ભયા
સિધ્ધોમેં બૈઠકે જતિ ગોરખને કહાં
દેજયો પ્રણામ...

## સમાધી – ગાયત્રી (૯)

ઓહમ ગુરૂજી બનખંડી રામદેવ જાગ્યા
જુગો જુગ પરચા કરો ગોંસાઈ
જીવલોકમાં જીવ જાગ્યા
ઘોર ઘોર મહાઘોર, ઘોર ઘોર અમરઘોર
ઘોર ઘોર તારાઘોર, ઘોર ઘોર તત્વઘોર
તત્વ ઘોરમેં હંસ નિરંજન કી કાયા બોલીયે
ૐ ગુરૂજી હંસ ગળે તો નિરંજન લાજે
ૐ ગુરૂજી હડ્ડી ગળે તો ગોરખ લાજે
ૐ ગુરૂજી ચામ ગળે તો ધરતિ લાજે
શંભુ જતિએ શબદ સુણાયા
સાડા તીન હાથ કી સમાધી ખોદી
બ્રહ્મ કોદાળી બ્રહ્માએ ખોદી



ધર્મ કોદાળી વિષ્ણુએ ખોદી
ઈશ્વર પારવતીએ માટી ડારી
સમાધીમાં બેઠી ગળત કાય
ધરતિ માતા પ્રસન્ન થાય
સમતા ગાયત્રી જાપ સંપૂર્ણ ભયા
સિધ્ધોમેં બૈઠકે ગુરૂ ગોરખને કહા
દેજયો પ્રણામ...

## સમાધી – ગાયત્રી (૧૦)

આ પ્રમાણે ૯ ગાયત્રી માટી - રામરસ આપ્યા પછીથી ૧૦ મી, ‘‘ગાયત્રી’’ પોતાને જે સંપ્રદાય હોય તેની બોલવી જેમ કે ‘‘રામ ગાયત્રી’’ અથવા ‘‘ગોપાલ ગાયત્રી’’ ‘‘કૃષ્ણ ગાયત્રી’’ વિગેરે અથવા તો બ્રહ્મ ગાયત્રી સહુ કોઈના માટે ચાલે.

**બ્રહ્મ ગાયત્રી** : ૐ ભુર્ભર્વ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ઘીમ હી ઘીયો યોનઅ પ્રચોદયાત

**રામ ગાયત્રી** : ૐ દાશરથાય વિદમહે સીતા વલ્લભાય ધિમહિ તન્નો, રામઃ પ્રચોદયાત્

**ગોપાલ ગાયત્રી**: ૐ ગોપીજન વલ્લભાય વિદમહે્ વાસુદેવાય ધીમહિ તન્નો ગોપાલઃ પ્રચોદયાત્



**કૃષ્ણ ગાયત્રી** : ૐ દેવકી નંદનાય વિદમહે વાસુદેવાય ધિમહી તન્નો કૃષ્ણઃ પ્રચોદયાત્

## કુંડા મંત્ર

ૐ ગુરૂજી ઈન્દ્ર કુંચી બ્રહ્મા તાલા
સોહમ શબ્દે હુવા ઉજીયાલા,
ઓહમ સોહમ ચાલે જાય
સદગુરૂ વચને મીટે પાપ,
શબ્દ સુરતા સેં ગગન ધુરે
નાથ નિરંજન કી દુહાઈ ફીરે,
કુંડા ઢકિ બ્રહ્મા મહેશ
કુંડા ઢકિ શિવ પારવતિ
કુંડા ઢકિ ગોરખ જતિ,
ઈશ્વર ઢાંકયા બેઉ કર જોડ
રક્ષા કરતા તેત્રીશ ક્રોડ,
અજર અમર ઘર ઢાંકણ દીયા
હંસ અમરાપુર વાસી ભયા,
ૐ ગુરૂજી, કોઈ નર આવે, કોઈ નર જાવે
કોઈ નર જીવતાં સમાવે,
જો જાણે સમાત કુંડાકા ભેદ
તો આપે નિરંજન આપે વેદ,

જાપ જુગતિ સેં સમાધી ખોદાઈ
સબ સત મીલકે મુરતી મધરાઈ
કહો સીદધો કુંડા કોન લાયા
કુંડા મહાદેવજી લાયા,
બ્રહ્મા પાવડી, વિષ્ણુ કોદાળી
ઈશ્વર ગોરાંએ માટી સારી,
માંહિ ડાલ્યા ગંગા કા નીર
કુંડા બનાયા સત સરોવર કે તીર
સબ સંત મિલકે કુંડા મગાયા
સોઈ કુંડા સમાત મેં ઢળાયા,
હરિ હર નામ સબ લીજે
એક ધ્યાનમેં સુમરણ કીજે
કુંડા જાપ સંર્પૂણ ભયા,
ગાદીએ બેઠકે ગરૂ રામાનંદિ કહા
દેજયો પ્રણામ...

## દીપક મંત્ર

ઓહમ ગુરૂજી અનતં વિહાર
પ્રાણી પાવે ભવજળ પાર,
કોટી સૂરજ ઘટ ભીતર પાવે
અખંડ મંડળમેં જયોતિ દર્શાવિ
નાસિકા નેત્ર ત્રિકુટી સ્થાન



જલકત જયોતિ ધરતે ધ્યાન - અખંડ જયોતિકા હુવા પ્રકાશ
પ્રાણી પાવે વૈકુંઠ વાસ,
આદિ નિરંજન આતમ રામ
ગરજત નાદ સોહમ કારા.
તત્વ નિરંજન આતમ રામ - ગંગા તુલસી શાલિગ્રામ,
શ્રી હરિ ગુરૂકો કરો જુહાર - પૂન્ય લેકર ઉતરહું પાર,
જન્મ કરણ કા ઘૂટિ ત્રાસ - સંતોકા અમરાપુર વાસ
જયોતિ જાય સંપૂર્ણ ભયા
ગાદીએ બેઠકે ગુરૂ રામાનંદિ કહા- દેજયો પ્રણામ...

## શ્રીફળ વધેરવાનો મંત્ર

ઓહમ ગુરૂજી, શૂન્યમેં શકિત શૂન્યમેં કાયા
એક દેવીએ ત્રણ નર ઉપજાયા
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ
અમરલોકથી શ્રીફળ આયા
પાતાલમેં મૂળ, ગગનમેં ઘટા - પવનકા ઠાઠ લગાયા
સોઈ શ્રીફળ સમાતમેં વરતાયા - શ્રીફળ બાટિ પાંતિ
સોઈ શ્રીફળ બાટિ પાંતિ - તોડે જમકી છાતી
શબદ કહી શ્રીફળ વધેરે તે નર વૈકુંઠ જાવે
વિના શબ્દ કહી શ્રીફળ વધેરે તો પંડય - પડેને નરકે જાવે
શ્રીફળ જાપ સંપૂર્ણ ભયા
ગાદીએ બેઠકે ગુરૂ રામાનંદિ કહા
દેજયો પ્રણામ...